# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન
# મહાશિવરાત્રિ
## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### મંત્ર જેની કોઈ સીમાઓ નથી

મહાશિવરાત્રિના સત્સંગ દરમ્યાન જ્યારે શ્રીગુરુમાઈએ બોલવાનું શરૂ કર્યું અને તેમણે મંત્રધૂન ગાવાનો સમય કાઢવા માટે બધાંનો આભાર માન્યો ત્યારે મને મારા હૃદયની ચારેબાજુ એ જ સુપરિચિત દેદીપ્યમાન આભા મહસૂસ થઈ. નિઃસંદેહ, હું જાણતી હતી કે એટલા માટે જ આપણે બધાં અહીં વૈશ્વિક હૉલમાં એકત્રિત થયાં છીએ — ગુરુમાઈજી સાથે મંત્રધૂન ગાવા માટે. તેમછતાં, જ્યારે ગુરુમાઈજીએ આના માટે આપણો *આભાર માન્યો* તો તે મારા માટે 'આહા!' ક્ષણ હતી એટલે કે એક હૃદયસ્પર્શી ક્ષણ હતી. મને સમજાયું કે આપણાંમાંથી દરેક વ્યક્તિએ આ સત્સંગમાં ઉપસ્થિત રહેવાની પસંદગી પૂરી સજગતા સાથે કરી હતી (પછી ભલેને આ પસંદગી સૌથી સરળ, સૌથી સ્પષ્ટ અને સૌથી સહજ-સ્વાભાવિક હતી). સત્સંગમાં ભાગ લેવાનો, મંત્રધૂનના અત્યંત લાભદાયી ઉદ્યમમાં આપણા સમયને સમર્પિત કરવાનો આ *નિર્ણય* આપણો હતો.

ગુરુમાઈજીએ સમજાવ્યું કે મહાશિવરાત્રિ પર મંત્રજપ કરવો મંગળકારી છે, આ અભ્યાસ ફળદાયી છે અને મંત્રનું અમૃત ખૂબ જ શીતળદાયી છે — ખાસ કરીને એ સમયે, જ્યારે સંસારનો અગ્નિ ઉગ્ર હોય. મને સ્પષ્ટરૂપે યાદ છે કે જ્યારે ગુરુમાઈજીએ આ કહ્યું ત્યારે મારી શું પ્રતિક્રિયા હતી; મને મહસૂસ થયું કે તેમના શબ્દોનું સત્ય મારી અંદર જાણે કોઈ આદિકાળના લય પર સ્પંદિત થઈ રહ્યું હોય, એવું લાગતું હતું કે મારું હૃદય ભગવાન શિવના ડમરુના તાલ પર ધબકી રહ્યું હોય. મેં મંત્રની કલ્પના એક એવા મલમના રૂપમાં કરી, જે ફક્ત મને જ નહીં પરંતુ સમસ્ત સંસાર માટે શાંતિદાયક છે, સુખદાયક છે. આપણે જે કરી રહ્યાં હતાં — એક સંઘમ્‌ના રૂપે સંકીર્તન કરવું, આપણા શ્રીગુરુ સાથે સત્સંગમાં હોવું — તેના મહત્ત્વ પ્રત્યે હું હજી વધારે જાગરૂક થઈ ગઈ.

મને ગુરુમાઈજીના શબ્દો એ પણ યાદ અપાવી રહ્યા હતા કે આપણી અંદર પરિવર્તન કરવાની શક્તિ છે. ફક્ત એટલું જ નહીં — પરિવર્તન કરવું એ આપણી જવાબદારી પણ છે. આપણને આપણાં શ્રીગુરુ પાસેથી ચૈતન્ય મંત્ર પ્રાપ્ત થયો છે. મંત્ર ભગવાનનું નાદરૂપ છે. હું આના વિશે પહેલીવાર ગુરુમાઈજી પાસેથી શીખી હતી અને પછી મેં તેના વિશે 'શિવ પંચાક્ષરસ્તોત્રમ્'માં વાંચ્યું હતું. ત્યારથી આ વાત મારા મનમાં વસી ગઈ છે — આ અત્યંત મંત્રમુગ્ધ કરી દેનારી સંકલ્પના, આ સત્ય કે ભગવાન પવિત્ર ધ્વનિમાં વિદ્યમાન છે.

'શિવ પંચાક્ષરસ્તોત્રમ્' એ મંત્રના પાંચ અક્ષરો (ન-મઃ શિ-વા-ય) વિશે આદિ શંકરાચાર્ય દ્વારા રચિત સ્તોત્ર છે, જેમાં તેઓ વર્ણવે છે કે ભગવાન શિવ આ અક્ષરોમાં વાસ કરે છે. આ મંત્ર ભગવાનનો વેશ છે, તેમનું સ્વરૂપ છે.

તદુપરાંત, આદિ શંકરાચાર્ય ભગવાન શિવનું અને વિસ્તૃત અર્થમાં મંત્રનું પણ જે વર્ણન કરે છે તે ખૂબ જ પ્રભાવશાળી છે. શંકરાચાર્યજી કહે છે કે ભગવાન શિવનો ગંગાજળથી અભિષેક કરવામાં આવે છે અને તેમને ચંદનનો લેપ પણ લગાડવામાં આવે છે, આ બંને વસ્તુઓ પારંપરિક રૂપે શીતળતા પ્રદાન કરે છે. આનો અર્થ સ્પષ્ટ છે : આ મંત્રમાં શીતળતા, શાંતિ, સ્વાસ્થ્ય પ્રદાન કરવાના ગુણો છે. કેટલાક શબ્દો એવા હોય છે જેના કારણે લોકો યુદ્ધ શરૂ કરી દે છે અને કેટલાક શબ્દો એવા હોય છે જે એટલા જ સશક્ત રૂપે શાંતિ સ્થાપિત કરે છે. આ એ જ શબ્દો છે — ‘ૐ નમઃ શિવાય’.

મારો અનુભવ રહ્યો છે કે મંત્રની શક્તિનો આ દાવો ફક્ત સૈદ્ધાંતિક નથી. આ કોઈ કાલ્પનિક વિચાર નથી. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓના સમયે ગુરુમાઈજીએ નામસંકીર્તન અને સપ્તાહ આયોજિત કર્યા છે, તેના વિશે મેં સિદ્ધયોગીઓ પાસેથી એટલા બધા પ્રસંગો સાંભળ્યા છે કે તેને શબ્દોમાં વ્યક્ત કરવું મારા માટે મુશ્કેલ છે. એવું વારંવાર થયું છે કે ગુરુમાઈજીના સત્સંગના ફળસ્વરૂપ એ આપત્તિઓની તીવ્રતા ઓછી થઈ છે અને કેટલીકવાર તો તે થતાં અટકી ગઈ છે. આવું એટલી બધી વાર થયું છે કે તેને માત્ર સંયોગ કે ભાગ્યવશ કહીને નકારી ન શકાય. સિદ્ધયોગ વૈશ્વિક હૉલ માટે ગુરુમાઈજીએ આપણને ચમકતા નીલ–મંડપની છબી પ્રદાન કરી છે; મારું માનવું છે કે મંત્રધૂન કરીને આપણે આ નીલ–મંડપની અંદર જે શક્તિ અને વાતાવરણનું નિર્માણ થાય છે તેને સુદૃઢ કરી રહ્યાં છીએ. આપણે સંરક્ષણના જે પ્રકાશને પોષિત કરી રહ્યાં છીએ, તે વધારે તીવ્ર, વધારે શક્તિશાળી થઈ જાય છે. અને આપણે સ્વયંને સંરક્ષણના આ પ્રકાશમાં ઘેરી લઈએ છીએ. પછી આપણે જ્યાં પણ જઈએ છીએ, આ પ્રકાશ આપણી સાથે આવે છે.

મંત્રનો પ્રકાશ, સત્સંગનો પ્રકાશ સ્પષ્ટરીતે બહારની તરફ પ્રસરે છે, તેનું તાજેતરનું એક ઉદાહરણ મને યાદ આવે છે. વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયાના જંગલમાં આગને કારણે વિનાશ થઈ રહ્યો હતો. ગુરુમાઈજીને ઑસ્ટ્રેલિયાનાં લોકો, પ્રાણીઓ અને ત્યાંની ભૂમિ સાથે જે થઈ રહ્યું હતું, તેના માટે અત્યંત દુઃખ હતું. તેથી ૩ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ગુરુમાઈજીએ શ્રી મુક્તાનંદ આશ્રમમાં એક સત્સંગ રાખ્યો હતો, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય ઑસ્ટ્રેલિયા માટે વર્ષારૂપી આશીર્વાદોનું આવાહન કરવાનો હતો. આ સત્સંગ દરમ્યાન, અમે ‘ૐ નમઃ શિવાય’ મંત્રની ધૂન કરી. જ્યારે ગુરુમાઈજી આદિનાદ ‘ૐ’નું ગાન કરવા માટે અમારું માર્ગદર્શન કરી રહ્યાં હતાં ત્યારે અમે વર્ષાનું આગમન કરનારા સંગીતવાદ્યો પણ વગાડ્યાં.

બીજા દિવસે સાંજે, ૪ જાન્યુઆરીએ ગુરુમાઈજીએ બીજો એક સત્સંગ કર્યો, જે ખાસ કરીને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનાં લોકો માટે સીધું વિડીઓ પ્રસારણ હતું. સહભાગીઓએ ફરી એકવાર ઑસ્ટ્રેલિયા માટે મનમાં પ્રાર્થનાઓ અને આશીર્વાદો મોકલવાનો સંકલ્પ રાખીને ‘શ્રીગુરુગીતા’નો પાઠ કર્યો. ગુરુમાઈજીએ સંઘમ્‌ની શક્તિ વિશે જણાવ્યું છે અને એ પણ કહ્યું છે કે જ્યારે આપણો અવાજ એક હોય છે, જ્યારે આપણે એકસ્વર હોઈએ છીએ તો આપણામાં સંસારનું ઉત્થાન કરવાનું સામર્થ્ય હોય છે. આપણામાં માંગલ્યને વધારવાનું સામર્થ્ય હોય છે. મને આ જ મહસૂસ થયું હતું, જ્યારે અમે આ સત્સંગોમાં ભગવાન શિવનું આવાહન કર્યું — જ્યારે અમે આદિગુરુને નમન કર્યું; જ્યારે અમે એ દેવને પ્રાર્થના કરી જેમનું નામ ‘શાંત’ છે અને જેઓ શાંતિના મૂર્તરૂપ છે; જ્યારે અમે પશુપતિ અર્થાત્ બધાં જીવોના સંરક્ષકને આજીજી કરી.

આ સત્સંગો પછીના કલાકો અને દિવસોમાં, ઑસ્ટ્રેલિયાના જુદાજુદા ભાગોમાં રહેતા સિદ્ધયોગીઓએ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જણાવ્યું કે તેમના દેશના જે ભાગો પહેલાં આગ અને દુષ્કાળથી અસરગ્રસ્ત હતા, ત્યાં સતત વર્ષા શરૂ થઈ ગઈ છે. જોકે એ સમય સુધી આગ એટલી ફેલાઈ ચૂકી હતી કે તેને પૂરીરીતે કાબૂ કરવામાં થોડાં વધારે અઠવાડિયાંઓ લાગી ગયાં, ગુરુમાઈજીના સત્સંગથી સ્પષ્ટરૂપે પરિવર્તન થયું હતું. પરિસ્થિતિઓ બદલાવા લાગી હતી. જોકે આપણે બધાં અકલ્પનીય હાનિથી ઝઝૂમી રહ્યાં હતાં, તોપણ મંત્રનું અમૃત સાચે જ સંસારની આગને શાંત કરી, તેને શીતળ કરી રહ્યું હતું.

જેમકે આ ઉદાહરણ દર્શાવે છે, મંત્રની શક્તિ દૂર-દૂર સુધી પહોંચે છે — વાસ્તવમાં, આપણે વિચારી શકીએ તેના કરતાં પણ વધારે દૂર સુધી. મંત્રનો જપ કરવા માટે અથવા તેના લાભનો અનુભવ કરવા માટે કોઈએ સિદ્ધયોગી હોવાની પણ જરૂર નથી. ઘણાં બધાં લોકોને ‘ૐ નમઃ શિવાય’નો જપ કરવાથી સાંત્વના મળે છે, પછી ભલે તેઓ સિદ્ધયોગીના મિત્ર હોય, તેમના પરિવારના સદસ્ય હોય અથવા બસ કોઈ એવી વ્યક્તિ હોય જેને સદ્નસીબે કોઈક રીતે મંત્ર વિશે જાણવા મળ્યું હોય.

હું જાણવા માંગું છું કે તમે મંત્રની શક્તિના તમારા અનુભવોને કેવી રીતે યાદ કરી રહ્યા છો? શું તમે મંત્રની શક્તિ વિશે સાંભળેલા પ્રસંગો યાદ કરી રહ્યા છો? શું તમે મંત્ર વિશે તમારા પોતાના અનુભવોને જર્નલમાં લખી રહ્યા છો? શું તમે બીજાં લોકોને મંત્ર વિશે તમારા અનુભવો જણાવી રહ્યા છો? શું તમે તેમને પ્રેરિત કરી રહ્યા છો કે તેઓ સ્વયં મંત્રજપનો અભ્યાસ શરૂ કરે?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.